# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 46 - August 2008 MATRUBHASHA Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૪૬ - ઓગસ્ટ ૨૦૦૮ | માનદ તંત્રી - પ્રવીણ વાધાણી | કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ


## એવું તે કાંઈ થાય ?



કુટુંબમાં, સમાજમાં કે કોઈ ધંધામાં તમે રિતરિવાજ કે રાબેતામુજબની પ્રણાલીથી અલગ જઈને કોઈ કામ કરવાનું સૂચન કરશો તો તમને સૌથી પહેલો પ્રતિકાર શું મળશે ? એ જ ને કે 'ના, એવું તે કાંઈ થાય ?'

અને તમે તમારા પ્રસ્તાવની તરફેણમાં કોઈ બીજાનો એવો જ ભળતો દાખલો આપશો તો પણ કદાચ જવાબ મળશે 'એ વાત અલગ હતી, આને ને એને કાંઈ ના લાગેવળગે' અથવા 'એમની વાત જુદી છે' કે પછી 'એના વાદ આપણાથી ન થાય', વગેરે.

માણસને સલામતી ગમે છે. રિતરિવાજ અને ચાલુચીલા રસમમાં તેને સલામતીનો અનુભવ થાય છે. ક્યારેક બીજાઓ પણ તેને તેમ કરવાની ફરજ પાડ છે. એમ કરવાથી કે એ રસ્તે ચાલવાથી નિષ્ફળ થવાનો કે બીજાની ટિકાનો ભોગ બનવાની શક્યતા બહુ ઓછી રહે છે. અને કદાચ નિષ્ફળતા મળે તો પણ આત્મસંતોષ કે બચાવમાં તેનો આશરો લઈ શકાય. 'તમે આમ કેમ કર્યું ?' એ પ્રશ્નના જવાબમાં બીજી કોઈ ચોખવટ કરવી અને તેને યોગ્ય પૂરવાર કરવાની ભાંજગડમાં પડવાને બદલે 'આ તો રિવાજ છે, અગુસે ચલી આતી હૈ' એવો જવાબ આપવામાં સલામતી અને છટકબારી બંને દેખાય છે. પછી ભલે એમ કરવું તે સમય અને સંજોગોને અનુકૂળ ન હોય, ઘણીવાર ગજા ઉપરવટનો ખર્ચ થવાની પણ શક્યતા હોય અને તેમ કરવાથી ફાયદા કરતાં નુકસાન વધારે હોય.

આપણા મોટા ભાગના રિતરિવાજો અને શાસ્ત્રો કે પુરાણોમાં લખાયેલા નીતિનિયમો કંઈક એવા જ છે. કબૂલ કરીએ કે જે તે સમય, સંજોગો અને સમાજ કે કુટુંબની પરિસ્થિતિને લક્ષમાં રાખીને તે ઘડાયા હોય અને તે સમયે યોગ્ય, ફાયદાકારક અને જરૂરી પણ હોય. સમય, સંજોગો અને પરિસ્થિતિ બદલાતાં તે નકામા બને, ભારરૂપ બને અને તેમ હોય તો તેમાં ફેરફાર કરવા આવશ્યક છે. એમ કરવામાં ન આવે તો એ 'અંધશ્રદ્ધા'માં રૂપાંતર પામી આપણને ભરડો લઈ ગુંગળાવી નાખે છે. જરૂરિયાત પ્રમાણે તેમાં ફેરફાર ન કરવો તે પ્રગતિને અવરોધે પણ છે.

એ બધું સમજવા છતાં માણસમાં 'પરિચિતમાં સલામતી'ની ભાવના એટલી હદે મૂળ નાખીને બેઠી છે કે ડગલે ને પગલે નાનીમોટી બાબતોમાં તે ફેરફાર કરવાને કે એવા ફેરફાર કરવાથી થનારા ફાયદાને સ્વીકારવાને તૈયાર નથી અને ઘણીવાર તો ફેરફારનો ઊગ્ર વિરોધ પણ કરે છે. કારણ કે જે નથી જોયું, જે પરિચિત નથી, તેનો તેને મનમાં ભય છે અને તેમાં પોતાની સલામતી જોખમાય જશે કે નુકસાન થશે તેવી દહેશત રહે છે. ફક્ત રિતરિવાજ શા માટે, જીવનની રહેણીકરણીમાં ફેરફાર કરવો પણ માણસ માટે એટલું જ મુશ્કેલ છે.

આપણા એવા ગુંગળાવનારા જૂના રિતરિવાજોને કે રહેણીકરણીને ઘડીભર એક તરફ મૂકી આપણે આધુનિક ગણાતા દેશના પ્રગતિશીલ લોકો વચ્ચે બનેલી એક નાની ઘટના જોઈએ.

કોમનવેલ્થ દેશોમાં ક્રિકેટ બહુ લોકપ્રિય રમત છે. પણ આ રમત બહુ ધીમી છે. એક 'ટેસ્ટ મેચ' માટે પાંચ કે છ દિવસ રમાતી આ રમતને દરરોજ છ કલાક બેસીને સતત જોવી માણસની ધીરજની પરીક્ષા કરી લે છે. તેમાં પણ જો ખેલાડી એવા હોય કે એક બે કલાકની રમત બાદ પણ એક 'રન' પણ ન થાય અને કોઈ 'આઉટ' પણ ન થાય તો જોનારાના કંટાળાનો પાર ન રહે. તદ્ ઉપરાંત આ ખેલાડીઓ પોતપોતાના દેશ કે ક્લબ માટે રમતા અને એમને આર્થિક વળતર બહુ ઓછું મળતું. આ વર્ષોથી એક જ ઢબે રમાતી રમતને લોકો માટે રસપ્રદ બનાવવા માટે ઓસ્ટ્રેલિયાના એક ધનાઢ્ય પુરુષ 'કેરી પેકર'એ એક યોજના તૈયાર કરી જેનાથી રમત જોવામાં લોકોને રસ પડે અને ખેલાડીઓને આવક પણ થાય.

હવે આમ તો પચાસ ઓવરની લીમીટેડ મેચ જે એક જ દિવસમાં પૂરી થઈ જાય તે અવારનવાર મહાવરા માટે ને 'વોર્મ અપ મેચ' તરીકે રમાતી પણ તેની યોજના કરનારા કે ખેલાડીઓ તેને બહુ અગત્યની ન ગણતા અને એક અગત્યની સ્પર્ધા તરીકે ભાગ્યેજ રમાતી. ધીમી રમત રમવાવાળા કેટલાક કુશળ બેટ્સમેનને તો તે ગમતી પણ નહિ કારણ કે તે રમતની ઝડપ તેની સ્ટાઈલને ધીમી ફાવે નહિ અને તે તેમાં સફળ પણ ન બની શકે. કેરી પેકરે આ રમતને આંતરરાષ્ટ્રિય સ્પર્ધા તરીકે, અને એટલું જ નહિ, પણ એક ફાયદાકારક, નફો બનાવતી, રમતમાં રૂપાંતર કરવાની યોજના કરી.

ક્રિકેટના પ્રેમીઓને તેમની ચીલાચાલુ રસમમાં આવો ધરખમ ફેરફાર કરવાની વાત તરત તો ગળે ન જ ઊતરી. ક્રિકેટ ક્લબોને તેમના અધિકારત્વને જોખમાતું લાગ્યું, તેમણે સખત વિરોધ કર્યો, ત્યાં સુધી કે આવી સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીને તેમણે ક્લબમાંથી કાઢી મૂકવાની ધમકી પણ આપી. તો પણ કેરી પેકર તેમની યોજનામાં અડગ રહ્યા. ફક્ત ગ્રાઉન્ડ પર જોવા આવતા પ્રેક્ષકો પર આધાર રાખવાને બદલે તેમણે ટીવી દ્વારા પ્રેક્ષકોના ઘરમાં તે રમત પહોંચાડી અને સાથે ટીવી ચેનલો પાસેથી એ બતાવવાના પૈસા પણ વસુલ કર્યા જેનાથી એ ક્રિકટરોને વધારે પૈસા આપી શકે. આવકનો ફાયદો જોતાં એક પછી એક ખેલાડીઓ એમની યોજનામાં જોડાવા લાગ્યા. ક્રિકેટ પ્રેમીઓને પણ રમત જોતાં સમજાયું કે પચાસ ઓવરની આ ઝડપથી રમાતી રમત જોવામાં તેમને ટેસ્ટ મેચ જોવા કરતાં અનેક ગણો આનંદ મળતો હતો. ટેલીવીઝનની કંપનીઓ તરફથી પણ આ રમત બ્રોડકાસ્ટ કરવા માટે મબલખ પૈસા મળવા લાગ્યા અને ક્રિકેટરોની આવકમાં પણ વધારો થયો. કેટલાકને તો તેમની દશવીશ વર્ષની કમાણી જેટલા પૈસા એક વર્ષમાં મળ્યા. અંતે ક્લબોએ પણ સ્પાર્ધાની લોકપ્રિયતા ને પોતાનો ફાયદો જોયો અને નમતું જોખી આ યોજનામાં જોડાયા. ફક્ત થોડા દેશો વચ્ચે રમાતી સ્પર્ધામાં નવા નવા દેશો જોડાવા લાગ્યા અને જોતજોતામાં 'વન ડે કિકેટ' એક અગત્યની આંતરરાષ્ટ્રિય સપર્ધા બની ગઈ.

શરૂઆતમાં ફક્ત દિવસે રમાતી આ રમત જોવા માટેનું ઓડિયન્સ નાનું લાગ્યું. રાત્રીના સમયનો ઉપયોગ કરી લેવા માટે કેરી પેકેરે ફરી એક પ્રગતિશીલ વિચાર રજુ કરીને ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઊંચા થાંભલા પર લાઈટ્સ ગોઠવવાની યોજના કરી.

ફરી પાછો ક્રિકેટ જગતમાં વિરોધનો વંટોળ ઊઠ્યો. ક્રિકેટરો કહે અમને દડો બરોબર નહિ દેખાય, લાઈટમાં અંજાય જઈએ તો દડો કેચ ન થઈ શકે અને માથા પર પડે, ફાસ્ટ બોલીગમાં ઈજા પણ થાય, વગેરે. આ વખતે ગ્રાઉન્ડની આજુબાજુ રહેતા લોકોએ પણ વિરોધ કર્યો. આ લાઈટ્સના પ્રકાશ રાત્રે તેમના ઘર પર પડે તો તેમના આરામમાં ખલેલ પડે, તેમના પાળેલા કૂતરાં બીલાડાં તેનાથી ભડકીને તોફાને ચડે, બાળકો સૂઈ ન શકે. પર્યાવરણના અને પશુપક્ષીઓના હિમાયતીઓ પણ આ વિરોધમાં જોડાયા - સૂર્યાસ્ત પછી આરામ માટે સૂઈ જનારા પક્ષીઓ સૂઈ નહિ શકે, અંધારામાં કાર્બનડયોક્સાઈડ શોષીને તેમાંથી ઓક્ષિજન છૂટો પાડવાનું ઝાડના પાંદડાઓ બરાબર નહિ કરી શકે, પોલીસ કહે પ્રેક્ષકો વચ્ચે અંધારામાં ગુનાહિત કાર્ય કરનારાઓ વધી જશે, વગેરે. કેટલાક યુનિયન પણ આ વિરોધમાં જોડાયા અને તે સમયે 'એમ.સી.જી.' ગ્રાઉન્ડ પર લાઈટ્સના થાંભલા ઊભા કરવાના કામમાં અંતરાયો નાંખવા લાગ્યા. તે સમયના વિકટોરિયાના મુખ્યપ્રધાન જ્હોન કેઈને હિંમત કરી ને પોલીસના પહેરા નીચે રાત્રે કોન્ટ્રેક્ટરો પાસે એ થાંભલા ઊભા કરાવાયા. અને બીજે અઠવાડિયે 'ડે એન્ડ નાઈટ' ક્રિકેટ'ની રમત પણ શરૂ થઈ ગઈ. લોકો ધાર્યા કરતાં પણ વધારે ઉત્સાહથી આ 'ડે એન્ડ નાઈટ' ક્રિકેટને આવકારી રહ્યા.

(અનુસંધાન પાના ૭ પર)

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com
ઈન્ટરનેટ પર પ્રસિદ્ધ થયેલ કૃતિ મોકલશો નહિ. છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહી.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.
**No Subscriptions:**
MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com. and also on www.gav.org.au

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned website.

# ગું જ ન

## ⌘ કસુંબીનો રંગ ⌘

સૌરાષ્ટ્રમાં રાજપૂત, કાઠી, વગેરે લડાયક કોમના લોકો સાંજના ભોજન સમયે અફીણ ઘોળીને પીએ છે. કટોકટીના સમયે સમરાંગણમાં જતાં પહેલાં પણ તેઓ અફીણ લે છે. ચારણો, કવિઓ, વગેરે સરસ્વતીપુત્રો પણ લોકગીતો અને દુહાની રમઝટ બોલાવતાં પહેલાં અફીણ લે છે.

આ અફીણ એક માદક પદાર્થ છે. તેના નશામાં માણસમાં શૌર્ય, પ્રેમ, ઉદારતા, ભક્તિ, વગેરે ગુણો ઉભરાવા લાગે છે. અફીણને કસુંબો પણ કહેવામાં આવે છે. એને ઘુંટીને જે રસ તૈયાર કરવામાં આવે છે તેનો રંગ ઘેરા લાલ કરતાં વધારે તેજસ્વી, બર્ગન્ડી કે 'રેડ વાઈન'ને મળતો આવે છે. આ રંગ જ એવો છે જેને જોતાં જ નશો ચડે.

આપણા રાષ્ટ્રકવિ શ્રી ઝવેરચંદ મેઘાણીએ આઝાદીની લડતમાં લોકોને ઉત્તેજિત કરવા ૧૯૩૪માં આ કાવ્ય લખેલું. કવિ અહી કસુંબો પીવાની વાત નથી કરતા પણ 'કસુંબીનો રંગ' જોઈને ચડેલા નશાને માણવાની વાત કરે છે. 'કસુંબીનો રંગ'નો નશો કોઈ સાધારણ નશો નથી. કસુંબીના રંગનો નશો એટલે શહાદત, બલિદાન, સમર્પણ દ્વારા અભાવપૂર્ણ જીવનમાં ઝઝૂમતું માનવ્ય, જીવનને અવરોધતાં પરિબળો સામે ઝીક ઝીલી રહેતું મનુષ્યનું આંતરબળ. આ રંગ જેને લાગી જાય છે તેનું જીવન ધન્ય બની જાય છે અને તેના સહ્ગામીને પણ પ્રગતિના સોપાન ચઢતા કરે છે.

જેમ 'રોડેઓ'માં લાલ રંગનું કપડું જોઈને આખલાને શૂરાતન ચડે છે એવી જ કંઈક આ વાત છે. પ્રગતિશીલ માણસના જીવનમાં વારંવાર આ કસુંબીના રંગની અસર દેખાય છે. એમ કહી શકાય કે સ્વામી વિવેકાનંદને આ કસુંબીનો રંગ લાગ્યો જેથી એમના ભાષણોમાં એવું જોશ આવ્યું જેણે ગીતાનો અને સનાતન ધર્મનો સંદેશ દુનિયાને ખૂણેખૂણે પહોંચાડયો. મહાત્મા ગાંધીને આ કસુંબીનો રંગ લાગ્યો એટલે સાઠ વરસની ઉમરે પણ તેમણે સાબરમતીથી દાંડીની ચારસો કીલોમિટરની સફર પગપાળા કરી અને તેમના એક મુઠી મીઠાએ બ્રિટિશ સલ્તનતને હચમચાવી નાખી. એમ કહી શકાય કે એલ્વિસ પ્રેસલીને આ કસુંબીનો રંગ લાગ્યો જેના મ્યુઝિકે ખુરસીમાં બેઠેલા પ્રેક્ષકોને ઊઠાડીને સ્ટેજ પર નાચતા 'ડિસ્કો ડાન્સર' બનાવી દીધા.

આવો, આજે આપણે સૌ સાથે મળી આ કસુંબીનો રંગ માણીએ.

## ⌘ કસુંબીનો રંગ ⌘

**ઝવેરચંદ મેઘાણી (૧૯૩૪)**

લાગ્યો કસુંબીનો રંગ, હો રાજ,
મને લાગ્યો કસુંબીનો રંગ. (૨)

જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા
પીધો કસુંબીનો રંગ (૨)
ધોળા ધાવણ કેરી ધારાએ ધારાએ
પામ્યો કસુંબીનો રંગ
હો રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ.

બહેનીના કંઠે નીતરતા હાલરડામાં
ઘોળ્યો કસુંબીનો રંગ (૨)
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ
ચોળ્યો કસુંબીનો રંગ
હો રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ.

દુનિયાના વીરોના લીલાં બલીદાનોમાં
ભભક્યો કસુંબીનો રંગ (૨)
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેક્યો કસુંબીનો રંગ
હો રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ.

ભક્તોના તંબુરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ (૨)
વ્હાલી દીલદારાના પગની મ્હેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ
હો રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ.

નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ
ગાયો કસુંબીનો રંગ (૨)
મુક્તિને ક્યારે નીજ રક્તો રેડણહારે
પાયો કસુંબીનો રંગ
હો રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ.

પીડિતની આંસુડાધારે હાહાકારે
રેલ્યો કસુંબીનો રંગ (૨)
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે
સળગ્યો કસુંબીનો રંગ
હો રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ.

ધરતીના ભૂખ્યા કંગાલોને ગાલે
છલકાયો કસુંબીનો રંગ (૨)
બિસ્મીલ બેટાઓની માતાને ભાલે
મલકાયો કસુંબીનો રંગ
હો રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ.

ઘોળી ઘોળી પ્યાલા ભરીઆ રંગીલા,
પીજો કસુંબીનો રંગ (૨)
દોરંગા દેખીને ડરિયા ટેકીલા હો
લેજો કસુંબીનો રંગ
હો રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ.

* * *

## ⌘ અર્ઘ્ય ⌘

**ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' ગુજરાત**

કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો
સુધાસ્પર્શે ખીલ્યાં, મધુછલકતાં શ્રીનીતરતાં
ભાર્યાં ગંધે રંગે મુદિત વસુધા ઈન્દ્રધનુનાં
વિખરી તે માર્ગે તુજ હ્દય આહ્લાદ શરતે.
કદી મારી પાસે ઝગમગ થતા હોત હીરલા
પ્રભાવન્તા, દૈવી, ત્રી ભુવનના દીપ સરખા
કરીને આનંદે તુજ પથ મચે રોશની સદા
ધરી દેતે સર્વે હરખ થકી તારે ચરણ હું
પરંતુ ભિખારી મુજ ગરીબ પાસે નહી કશુ
મીઠાં સ્વપ્નાં હૈયે, મુજ ધન ને થોડી કવિતા
હું વેરું એ સૌ તુજ પથ મહી વ્હાલ ધરીને
જરા ધીમે ધીમે પગ તું ધરજે, છે મૃદુલ એ.

* * * *

**સરસ્વતીચંદ્ર માંદો હોય છે ત્યારે કુમુદ તેની સારવાર કરતાં ગાય છેઃ**

મારે માટે આવું તે આનું વહાલ છે
મારે માટે આવા તે આના હાલ છે !
પૂરો શ્રીમાન ને વિદ્વાન આ
મારી પ્રીતિમાં થયો બેહાલ આ !
મને સૂઝતાં નથી માતા ને પિતા,
ત્યજ્યા મારે માટે એણે તો પિતા !
ત્યજી લક્ષ્મી, ત્યજ્યાં ગૃહમિત્રને,
શોધી એકલી મુજ રંક કુમુદને !
એને માટે ઈચ્છું તે ઓછું પડે,
એને માટે શોધું તે ના જડે,
ચંદ્ર ! તેજ તારું સર્વ જડ છે,
મારા ચંદ્રમાં ચૈતન્યરસ બધે !

**ઊંઘી રહેલા માંદા સરસ્વતીચંદ્રની સારવાર કરતાં અલકકિશોરી તેનો હાથ પકડી લે છે તેને સરસ્વતીચંદ્રના પતનની નિશાની સમજી કુમુદગૌરી સારંગી વગાડતાં ગાય છેઃ**

શુભ્ર સ્વર્ગમાં વસનારી
તે ચળી પડી હરશિરે,
પડવા માંડેલી પડી પાછી !
ટકી ન, હર ! હરશિરે.
પડી ! ગિરિ પર . ઉચ્ચ
ગિરિવર મૂકી પડી એ પાછી -
અવનિ પર આળોટતી ચાલી
ધૂળવાળી ઘણી થાતી.
મલિન ગંગા ! ક્ષાર સમુદ્રે
પેઠી અંતે એ તો !
ભ્રષ્ટ થયું તેનો જરી શતમુખ
વિનિપાત જ નિર્મેલો !
ભ્રષ્ટ થઈ મતિ તેનો શતમુખ
વિનિપાત જ નિર્મેલો !

## મારી મા ગુજરાત

**ગિજુભાઈ અને તારાબેન**

(૧૯૩૨માં પ્રગટ થયેલ પુસ્તિકામાંથી. આ પુસ્તિકાની દસ વર્ષમાં પ્રસિદ્ધ થયેલી ત્રણ આવૃતિમાં કુલ ૯૩૭૫ પ્રત છપાયેલી)

"ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત"

ગુજરાત ! તું અમારી મા છે, અમે તારાં બાળકો છીએ.
મા ! અમે એટલે હિન્દુ, મુસ્લીમ, પારસી, ખ્રિસ્તી, યહુદી, જેન, અને સર્વ ધર્મના બાળકો.

અમે એટલે ધારાળા ને દુબળા, કાઠી ને ખસિયા, મકરાણી ને મહીઆ, કચ્છી ને સિંધી, આરબ ને રોહીલા, ભરવાડ ને આયર, વાણિયા ને બ્રાહ્મણ, ખોજા ને લોહાણા, ઢેઢ ને ચમાર અને બીજા બધા.

મા ! સહુ તારે પેટે પડેલા, તારૂં દૂધ ધાવેલા, ને તારે ખોળે રમેલા.

મા ! જુગજુગ જુની તું છો. ગુર્જરો આવ્યા ને તારે ખોળે બેઠા, તે પહેલાંની ય તું છો, મા !

મા ! જૂનું છે તારૂ વલ્લભી, ગુજરાતનું જૂનું પાટનગર, બુદ્ધધર્મનો અખાડો, શિવમંદિરોની કચેરી ને ચોરાસી બંદરનો વાવટો.

મા ! વલ્લભીની પેલી ધુંધળીમલની ને કાકુશેઠની દીકરીની રત્ને જડેલી કાંચકીની વાતો આજે પણ ઈતિહાસમાં તારાં છોકરાં વાંચે છે.

જૂનું છે, મા ! તારૂં સોમનાથનું પાટણ. દરિયાની દીવાદંડી જેવું એ સોરઠને કિનારે ઝળકતું હતું તે ઠેઠ ગિજનીથી મહમ્મૂદ લોભાઈને આવ્યો. મા ! એ પડી એની જુની જૂની વાતો એનાં પુરાણાં ખંડેરોમાં. ને તું તો એ જાણે જ છે તો !

જૂનાં છે તારાં અણહીલવાડ ને ચાવડા વંશના વનરાજ ને સોલંકી ભૂવડ. જૂનાં છે તારાં સિદ્ધપુર ને સિદ્ધરાજ ને મૂળરાજ, ને સૌથી જૂની છે તારી સોનેરી દ્વારકા. પાંડવો ને કૌરવો જેટલી જૂની છે એ. મહાભારત ખેલીને શ્રીકૂષ્ણ ત્યાં પધાર્યા હતા.

મા ! જૂનો છે, કોઈ જોગી જેવો જૂનો છે તારો ગિરનાર. મુચકુંદને મારીને શ્રીકૃષ્ણ ત્યાં સંતાયા હતા.

પણ તેથીય જૂની છે સુદામાની સુદામાપુરી. કૃષ્ણ નાના હતા ત્યારે સાંદીપની ગુરૂને ઘેર સુદામા સાથે ત્યાં ભણતા હતા. સુદામાની સાથે ત્યાં ભાઈબંધી થઈ હતી. એ સુદામાપુરી એ જ આજનું પોરબંદર.

દરિયાકાંઠે બેસી દેશદેશનાં વહાણો તેં નિહાળ્યાં છે. ને આબુ, ગિરનારને માથે બેસીને કંઈક રાજ્યોને તેં જોયાં છે.

મા ! કહું, ક્યાં ક્યાં તું બેઠી છે ? આબુ ને આરાસુર, પાવાગઢ ને રાજપીપળા, પારનેરા ને શેત્રુંજો, ગિરનાર ને ગીર, બરડો ને ચોટીલો. મા, તારાં એ બેસણાં છે. ને મા ! કહું, ક્યાંથી તું પાણી ભરે છે ? મહી ને સાબરમતી, તાપી ને નર્મદા, બનાસ ને સરસ્વતી, ભાદર ને ઘેલો, કાળુભાર ને શત્રુંજી, મચ્છુ ને ભોગાવો. મા ! એ તારાં પાણિયારાં છે.

મા ! તું મને બહુ રૂપાળી લાગે છે. જે આવે છે તે તારું રૂપ જોતાં ધરાતાં નથી. શી તારી ચરોતરની લીલીછમ વાડી ! શાં તારાં છલોછલ વહેતાં તાપી ને નર્મદાનાં નિર્મળાં જળો ! ને તારી સોરઠની ગીર ! લીલી કુંજાર જેવી રસાળ ને પાધર ગુજરાત ! માડી ! કચ્છના રણથી ને કાઠિયાવાડના નાનામોટા ડુંગરોથી તો તું બમણી શોભે છે.

મા ! કહું, ક્યાં ક્યાં તારી ફૂલવાડીઓ છે ? ફળવાડીઓ છે ? રાનવાડીઓ છે ? એક આખો ચરોતર, એને ખેતરે ખેતરે તારો બગીચો છે. અને લીલી નાઘેર, સોરઠ કાંઠાની લીલોતરી, ગિરનારની ગીર ને મહુવાનું રાન. તારી વાડીઓ કાંઈ ઓછી નથી.

મા ! સાંભળે છે ને ? રોજ તારી વાડીએ મોર ગળકે છે, પોપટ પઢે છે, કાબર કલબલે છે, કબૂતર ઘૂઘવે છે, મેના ગાય છે ને ચકલી હોલાંનો તો કાંઈ પાર નથી.

તારી વાડીએ દેશદેશનાં પક્ષીઓ ઊડીને આવે છે. તારે ત્યાં ક્યાં ઊણપ છે ? સૌ પાંચ દિવસ રહે છે ને પાછા ઊડી જાય છે. ઠેઠ ઈટલીથી દિવાળીનો ઘોડો(એક રંગબેરંગી પક્ષી) આવે છે, સિંધથી કુંજડાં આવે છે, પંજાબ ને કાશમીરથી શ્યામો આવે છે, મા ! તારી સોહામણી ફળભરી વાડીએ રંગબેરંગી પક્ષીઓ, જુગજુગની તારી મહેમાની છે પક્ષીઓની. પેટ ઠારીને ચણજો, આ તો ગુજરાતની મહેમાનગતી છે !

અને મા ! તારે ખોળે શું અમે એકલાજ રમીએ છીએ ? ગીરના સિંહો તારે ખોળે ખેલે છે. વાઘ, ચિત્તા ને દીપડા તારો ખોળો ગલૂડિયાં જેમ ખૂંદે છે. હમણાં તો તારે ખોળે ઠબક ઠબક ઠેકે છે, કેમ જાણે ઠેકવાની ગાદી !

મા ! તારે ખોળે સૌ સરખું. સાવજે સૂવે ને નાનું એવું સસલું પણ સૂવે. તું તો સૌની માજનેતા ખરી ના ?

મા ! માથે આબુનો મુગટ શોભે છે ને પગે સાગરનાં મોજાં ઘુઘરા વગાડે છે. પાટણનું પટોળું ને અમદાવાદી કાપડું પહેરીને તું ખેલે છે ત્યારે તારા પર હેત આવે છે. પગમાં કચ્છ કાઠિયાવાડની ખણખણતી કાંબીઓ પહેરી તથા ભરત ભરેલા ચણિયા ઉપર ચૂમકિયાળી ચૂંદડી ઓઢી હલમતી મલપતી ચાલે છે ને જામનગરના કંકુનો કપાળે ચાંદલો ને સેંથે સિંદૂર પૂરી દેવદર્શને નીકળે છે ત્યારે મા ! તું બહુ રૂપાળી લાગે છે.

મા ! દેશપરદેશ સાથે તારાં વહાણવટાં. તારૂં વહાણ મક્કામદીનાથી ખજૂર લાવતું, તારૂ વહાણ જાવા જતું ને કિસમિસ લાવતું. મા ! તારૂં વહાણ ચીનજાપાન જતું ને રેશમ લાવતું ને તારૂં વહાણ આફ્રિકાના જંગબારે જતું ને લવિંગ અને મરીના ઢગલે ઢગલા લાવતું ને મોંઘા મોંઘા હાથીદાંત લાવતું.

ને અહીં તારે ત્યાંથી શું જતું ? ભાતભાતનાં ને રંગરંગનાં લૂગડાં. દુનિયા ચામડાં ઓઢતી ને જાડાં કપડાં પહેરતી ત્યારે મા ! તું એને ઝીણાં ઝીણાં મખમલનાં કપડાં પહેરાવતી.

ને હીરા માણેક ને ઝવેરાત તો તારા પેટમાં ભર્યાં હતાં. ને મોતીની તો તારા દરિયામાં ખાણો ! હિંદુસ્તાનમાં જે હતું તે તારા દીકરા વહાણોમાં નાખી દેશપરદેશ આપવા જતા. દેશપરદેશમાં તારી નામના હતી. એ સાંભળી સાંભળીને તો સૌ તને જોવા આવતા, ને જોઈજોઈને લોભાઈ જાતા. ગોરાઓએ પહેલી કોઠી સુરતમાં નાખેલી.

એકવાર મા ! તું અભરે ભરી હતી. એની એ તું, પણ આજે ? આજે દેશપરદેશથી લૂગડાં આવે ત્યારે તું ઢંકાય છે. જાવાની ખાંડ આવે ત્યારે તારું મોઢું ગળ્યું થાય છે. અરે મા ! કોણ જાણે કેવી તું થઈ ગઈ છે ? કેમ જાણે હાથપગ ભાંગી ગયા હોય ! એજ ટાંકણી માટે તારે પરદેશ લખવું પડે ! એક દીવાસળીનું બાકસ જાપાન ને નોર્વે મોકલે ત્યારે ! ને આટલીકશી સોય માટે તારે ફાટલે લૂગડે બેસી રહેવું પડે.

પણ મા ! ના રડતી. અમે તારાં છોકરાંઓ હજી બેઠાં છીએ. આ ઘડીએ અમે આળસ ખંખેરી ઊભા થઈશું. એમ કાંઈ તારો ગુજરાતી ઓછો નથી. દેશદેશમાં ઘૂમેલો છે ને હજુએ તે ઘૂમે છે.

ગુજરાત ! ઓ ગરવી ગુજરાત! જ્યાં જ્યાં તારા દીકરાઓ જાય છે ત્યાં ત્યાં તું છે, ત્યાં ત્યાં ગુજરાત છે.

મા ! ઊજળા એવા તારા દીકરાઓ ને તેથીય ઊજળી તારી દીકરીઓ. મૂળે મારવાડ મેવાડની ખરી, પણ પછીથી તારી થઈને રહેલી એ મીરાંની વાત તો જગજાહેર છે. શ્રીકૃષ્ણ માટે એણે રાજપાટ ઘોળ્યાં કરેલાં ને ઝેરનાં પ્યાલા પીધેલાં.

નરસૈયો તો તારો જનમ્યો, જુનાગઢનો નાગર. તળાજા, ગોપનાથમાં એ તપ તપેલો ને ભગવાનને પ્રસન્ન કરેલા.

તારે તે મા ભેદભાવ હોય ? શું ઢેઢ, ચમાર કે શું બ્રાહ્મણ. એ તારા એક દીકરા નરસૈયાએ કરી દેખાડયું ને આજે નરસૈયાના અવતાર જેવો ગાંધી સૌને એક આરે કરી રહ્યો છે. મા ! ભાઈઓ ભાઈઓને ના અડે તે કાંઈ સારા દીકરા કહેવાય ?

ને મા ! તું કાંઈ એકલા ભક્તોનીજ મા છે ? શૂરાપૂરાય તારી કૂખે પાક્યા છે. વનરાજ, સિદ્ધરાજ ને મૂળરાજ, ઓખામંડળના મૂળુ ને માણેક, ને જોગીદાસ ખુમાણ. અને ગઈ કાલનો જ રામવાળો. એકેએક તારો દીકરો શૂરો હતો. બધા તારે થાને ધાવેલા.

ને મા ! સતી રાણકદેવી કોની દીકરી ? સતને સારૂ તો બળી મૂઈ એ ! ને માડી ! જસમા ઓડણે કોનું દૂધ પીધેલું ? રાજા સિદ્ધરાજ જેવા રાજાને ઠેબે માર્યો'તો. અને આઈ નાગમતી કોને ખોળે રમેલાં ? ઠેરઠેર ઊભા સતીઓના પાળિયા, મા ! તારી દીકરીઓના જ છે. ને રંગ છે એની જણનારીઓને.

એટએટલા ભક્તો, શૂરા ને સતીઓની તું મા છો. પણ હજી બીજા ય છે. એક સહજાનંદ તારો દીકરો હતો. કાઠી, કોળી ને લોકલાઈ અફીણ-ગાંજામાં સપડાયા હતા તે જઈને સ્વામીએ તેમને સુધાર્યા. સહજાનંદ કહેવાઈ ગયા ભગવાનનો અવતાર. તારી કાયા પર ચાર ચાર એનાં ધામો છે. ગઢડામાં ને મૂળીમા, અમદાવાદમાં ને વડોદરામાં.

બીજો તારો દીકરો મૂળશંકર બ્રાહ્મણ, મોરબી ટંકારાનો માડી ! એકલા પથરાની પૂજા વધી ગઈ, ને એ તેને ન ગમ્યું. કેટલા બધા પથરા પૂજાતા ? પથરા એટલા દેવ, માડી, તને ગાંડી કરી મૂકેલી.

પણ મૂળશંકરે સ્વામી દયાનંદ થઈ હાક મારી, 'એ ગાંડાઓ, પથરા પ્રભુ ન હોય, પ્રભુ તો મનમાં હોય.' એ તારા દયાનંદે આખા દેશમાં તારું નામ કાઢયું.

એક થઈ ગયો તારો દીકરો, દાદોભાઈ એનું નામ. આખા દેશનો દાદો કહેવાયો. વિલાયતમાં તારે માટે રહી રહીને દાદો થઈ ગયો. તારા છોકરાં માટે જીવ્યો ને મર્યો.

એમ તો તારા દીકરાઓનો પાર નથી.

આજે પણ એક છે તારો મોહનિયો. તારા મોહનિયાએ તો દેશદેશાવરમાં ડંકો વગાડયો છે. છે તો સળેકડા જેવો ને હાથમાં એને ય હથિયાર નથી તોય ગોરી સરકાર હાંફે છે.

મોહનની સામે જુએ છે તું, માડી ? ભાઈઓના દુઃખે દૂબળો છે. ભાઈઓ ભેગો ભૂખ્યો છે. ભાઈઓ સાથે ઉઘાડો ને અડવો છે. એને જોઈને હરખાય છે ને તારૂં હૈયું ?

પહેલાં મા ! આ દીકરા તલવારે લડતા, હવે કલમે લડે છે. એ તો એવું છે. કોઈવાર તલવારે ધિંગાણાં ને કોઈવાર કલમે ધિંગાણાં. સમા સમાને પણ ઓળખે છે તું માડી !

મહાત્મા ગાંધી કહે છે, 'મારે તો વગર હથિયારે લડવું છે.' મા ! તેં તો ઘણા તુમુલ મુશળનાં યુદ્ધો જોયાં છે. બરછી ભાલાંની ધોંચાધોંચી જોઈ છે. બંદૂક તમંચાના ભડાકા સાંભળ્યા છે, તોપોના ગડગડાટ પણ સાંભળ્યા છે. પણ આ ભડની રમત જુદી છે. આ તારો મોહનિયો સતિયો છે. સતની લડાઈ એણે આદરી છે.

અમદાવાદ તારું પાટનગર છે મા ! અહમદશા બાદશાહે તે વસાવ્યું. ગુજરાતમાં ઊતરી અહમદશાહ વિચાર કરતો હતો કે શહેર ક્યાં વસાવવું ? ત્યાં તો સાબરમતીને કાંઠે સસલાને કૂતરાની પાછળ દોડતો જોયો. બાદશાહ વિસ્મય પામ્યો. "સસલો કૂતરાની પાછળ ? બસ, અહીં જ શહેર વસાવવા જેવી જોરાવર આ જમીન લાગે છે." ત્યારથી કહેવાય છે કે 'જબ કુત્તા પર સસ્સા આયા, તબ બાદશાહને શહેર બસાયા." (બાદશાહને એમ વિચાર કેમ ન આવ્યો કે આ જમીનનો કૂતરો આટલો કાયર છે કે સસલાથી ડરે છે ! કે પછી કૂતરો બાદશાહનો હતો !? -એક નોંધ)

તારૂં અમદાવાદ તો અમદાવાદ જ છે. ગુજરાતનો વેપાર, ગુજરાતની કળા, ગુજરાતની વિદ્યા, ગુજરાતની શક્તિ, આજે પણ અમદાવાદમાં છે. તારા સાડલાને છેડે અલબેલી મુંબઈનગરી છે, પરંતુ અમદાવાદ તો તારા હૈયાનો હાર છે.

અને પાંચે આંગળીએ વેઢ શોભે એમ સુરત ને વડોદરા, ભાવનગર ને જામનગર ને પાંચમું ભાંગ્યું તો યે ભરૂચ છે.

મા ! તારે આંગણે કંઈક આવ્યા ને કંઈક ગયા. એમાં કંઈક તો તારા દીકરા થઈને રહ્યા ને મા ! તને શોભાવી ને તને ઘરેણાં કર્યાં. મુસલમાનોએ ઠેરઠેર ઘર કર્યાં. મસીદો ને અકબરા કર્યાં. હોજ અને મિનારા કર્યા. અમદાવાદ એનાથી રળિયામણું લાગે છે.

અને કંઈક આવીને ગયા તે મા ! તારાં ઘરેણાં-લૂગડાં ય લૂંટી ગયા. અને તોયે મા ! તું તો સદાયે અમારા તરફ તો એવી ને એવી જ છો. ચીથરેહાલ હોય ત્યારે પણ હસતી ને હસતી !

મા ! તારી કચેરીમાં કોણ કોણ છે કહું ? મહારાજાઓ, નવાબો, રાજસાહેબો ને ઠાકોર સાહેબોથી તારો દરબાર શોભે છે. આ બધા તારા મુગટના હીરા છે. વળી તારે ત્યાં પરદેશીઓ પણ છે. ગોરાઓ છે, વલંદાઓ છે.

માડી ! જૂના વખતની તું ને અત્યારની તું, સાવ જુદી. અત્યારે તો તારી સિક્કલ બદલાઈ ગઈ છે. આ ગોરાઓ આવ્યા ને સાથે કંઈક એવું લાવ્યા છે. આ એક બટન ચાંપે ત્યાં આખા અમદાવાદમાં દીવા ! પહેલાં તો પાટણથી ઘોઘે જતાં કેટલાય દિવસ થતા, ને અત્યારે તો સવારે બેઠા કે સાંજે ઊતર્યા. ને હવે તો આઘે આઘેથી વાતો ય કરે છે તારા દીકરા ને દીકરીઓ. ને મોટરગાડીઓ તો ઠેઠ તારા ગામડાંમાં ઘરરર કરતી ને ભૂં ભૂં કરતી ફરે છે.

મા ! દીકરો છું પણ કહું ? તું બદલાઈ તો ખરી પણ એ વિલાયતી બૂટ પહેરીને ચાલે છે ત્યારે નથી ગમતી. ને રૂપાળાં પાટણના પટોળાં ને ખંભાતની ચંદનકળા મૂકી વાઈલ ને અવળચંડી પહેરીને મહાલે છે ત્યારે તો મા ! વરવી લાગે છે. માડી ! તારે ત્યાં વીજળીના દીવા ને ઘોડા વગરની ગાડી છે એ ખરૂં પણ એમાં સારૂં શું ને નરસું શું એની ખબર નથી.

પણ મા ! હવે કંઈક કહે, તારાં છોકરાંઓને કંઈક કહે કે થોડાં ડાહ્યા થાય. પૂરૂં ખાવા ન મળે ને વરઘોડા તે શા માટે કાઢતા હશે ? તારા દીકરા અંદર અંદર લડે ને કોર્ટ કરે તે કાંઈ રીત કહેવાય ? ગુજરાત, માડી ! બ્રાહ્મણે તારો દીકરો ને ભંગી યે તારો દીકરો. તારે તો બેઉ આંખો સરખી. તો યે કેમ નથી કહેતી કે 'દીકરાઓ, ભાઈને અડીને અભડાશો તો હું તમારી મા નહિ રહું. તો તમે ગુજરાતને તમારી મા ન કહેતા.' ને મા ! ખોળે બેસાડીને અમને કહે ને કે 'એલા રમણ ને એલા રસુલિયા ! જો હવે પછી લડયા છો તો તમારી વાત તમે જાણ્યા. અલ્યા, ઘરમાં ઘરમાં લડી મરશો તો ખુવાર થાશો.'

ગુજરાત મા ! તારી કળા ને તારી કારીગરી આજે તો ઝાંખી ઝાંખી છે. કંઈક દટાઈ ગઈ, કંઈક રગદોળાઈ ગઈ, કંઈક ચોરાઈ ગઈ ને કંઈક વગર સંભાળે બગડી ગઈ. અને છતાં આબુના દેલવાડાનાં મંદિરો ને પાલીતાણાના શત્રુંજયના મંદિરોની કોતરણી દુનિયામાં ક્યાંક જ જોવા મળશે. નગર નગરના જૂનાં મંદિરોમાં તારૂ રૂપ ઓપે છે. જૂની હવેલીના ગોખો ને અટારીઓનાં કોતરકામ, બા ! જોઈ જોઈને તો જેની તેની આંખો ઠરે છે. ને કચ્છ કાઠિયાવાડનું ભરત પહેરીને ફરે છે તારી દીકરીઓ ત્યારે બા ! સુંદર ને રૂપાળી દેખાય છે. ને તારા ઘરના ઉંબરાના સાથિયા ને રંગની ઓળીઓ, ઘરની ભીંતે ટાંગેલા ચાકળા ને ચંદરવા ને તોરણો, ને એમાં આભલાં ચમક ચમક ચમકે છે.

નવરાત્ર આવે છે ત્યારે તારી દીકરીઓ માથે ગરબા લઈ રમવા નીકળે છે. કોરેલા એ ગરબાની મહીંથી ઝગમગ ઝગમગ થતું તેજ. ગરબે રમતી ઊંચી અને પાતળી ને અણિયાળી આંખોવાળી શોભે છે કાંઈ તારી દીકરીઓ !

ને ઊંચા પડછંદ જેવા તારા દીકરાઓ હોંશે હોંશે તારો ખોળો રાસ લેતા ખૂંદે છે ને ખેલે છે ત્યારે તું ધમધમે છે.

પણ મા ! હમણાં હમણાંમાં તારી દીકરીઓ ને દીકરાઓ કંઈક જુદાં થઈ ગયાં છે. આ તારી જૂની રીતો નથી ગમતી એમને. મોં મચકોડીને ચાલી જાય છે એ ગરબે રમતી બેનો પાસેથી. અને વાત પણ એમ છે કે આ તારી હમણાંની દીકરીઓમાં જોર પણ નથી. અડધી માંદી ને મરેલી જેવી તારી દીકરીઓને ચાલતાં ચાલતાં શ્વાસ ચડે છે ! આ જોઈ જોઈને મારૂં તો કાળજું સડસડે છે. જવા દે એ વાત, મા !

મા ! અમે તારી ગોઠણોને જાણીએ છીએ. સોળ હાથની સાડી પહેરનારી તારી એક ગોઠણ, ઘેરદાર ને ટૂંકડો ઘાઘરો પહેરનારી તારી બીજી ગોઠણ.(ગોઠણ એટલે સહેલી) એક મહારાષ્ટ્રમાંથી થઈ ને બીજી ઉપર મારવાડમાંથી મળી. ને આભો પહેરનારી બીબી તો તેં ખોળે લીધી છે. એ તો તારી દીકરી થઈ ગઈ છે.

સુરત ને અમદાવાદ તારી નગરીઓ. એની શોભાની શી વાત ? ત્યાં ખાવાનાં ને પીવાનાં, ત્યાં હરવાનાં ને ફરવાનાં, ત્યાં નાટક ને ચેટકો, ત્યાં નીતનવાં પહેરવાનાં ને ઓઢવાનાં.

પણ માડી ! વળી કહેશે બહુ ડાહ્યો થઈ ગયો, પણ કહું ? હમણાં તું આવી કેમ થઈ ગઈ છે ? તારાં ગામડાંમાં રહેતાં દીકરા દીકરીઓ સામે તો જો. એમને ખાવા પૂરૂં ધાન નથી, પહેરવા પૂરાં કપડાં નથી, પીવા પૂરૂં પાણી નથી. બિચારાં રાનરાન ને પાનપાન છે !

મા ! તું ઊંઘે છે કે જાગે છે. શહેરમાંથી માડી ! તું બહાર નીકળ ને જો તો ખરી કે તારાં ગરીબ બાલુડાંના શા હાલ છે ? બિચારાં વરસાદ વિનાનાં ટળવળે છે, તૂટેલે પૈડે ગાડું હાંકે છે, ભૂખી ગાયને દોવા મથે છે ! માંદા છે, મેલાં છે.

મા ! એની વહારે તું ક્યારે ધાઈશ ?

## આપણું ગુજરાત

૧૯૩૨માં ગિજુભાઈના સમયમાં મૃતઃપ્રાય, કંગાળ ને સુસ્ત અવસ્થામાં પડી રહેલું ગુજરાત આઝાદી પછી આળસ મરડીને બેઠું થઈ રહ્યું છે. પરદેશ વસેલા ગુજરાતીઓ જ્યારે સીલીકોન વેલી જેવી જગ્યાએ અને યુરોપ અમેરિકામાં ગુજરાતનો ઝંડો વધુ ને વધુ ઊંચો લહેરાવી રહ્યા છે, ત્યારે ઘર આંગણે પણ ગુજરાત સમૃદ્ધિના માહોલમાં ધમધમી રહ્યું છે. તેમાં છેલ્લા આઠ વર્ષ દરમિયાન શ્રી નરેન્દ્રમોદી જેવા ઉચ્ચ વિચારસરણીવાળા, દીર્ઘદ્રષ્ટિવાળા, કાબેલ ને પ્રમાણિક મુખ્ય મંત્રીની આગેવાની હેઠળ કૂદકે ને ભૂસકે પ્રગતિના સોપાન ચડી રહ્યું છે. 'નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક્સ' ના એક રિપોર્ટ પ્રમાણે :

- ૨૦૦૪ થી ૨૦૦૮ના સમયમાં ગુજરાતના મધ્યમવર્ગની આવક બમણી થઈ છે અને ગરીબોમાં પાંસઠ ટકાનો ઘટાડો થયો છે.
- ગુજરાતના ૧૮૦૪૮ ગામડાંઓમાંથી ૧૭૯૪૦માં વીજળી પહોંચી ગઈ છે. બાકીનાનું કામ ચાલુ છે.
- ગુજરાતના ૫૦ ટકા ઉપરાંત શહેરો-ગામડાંઓમાં નર્મદા યોજનાનું પાણી પહોંચી રહ્યું છે.

• દુનિયાની સૌથી મોટી ઓઇલ રિફાઈનરી ગુજરાતમાં જામનગરમાં રિલાયન્સ ગ્રુપની છે. અહી દરરોજ ૬૬0000 બેરલ ઓઇલ રિફાઈન કરવામાં આવે છે અને આવતા વર્ષથી નવો પ્લાન્ટ ચાલુ થતાં આ સંખ્યા બમણી થશે.

• ભારતનો સૌથી ધનિક માણસ રિલાયન્સ ગ્રુપનો વડો મુકેશ અંબાણી છે.

• અમેરિકાના 'ફોર્બસ'ના રિપોર્ટ પ્રમાણે દુનિયાના ધનિકોમાં મુકેશ અંબાણી પાંચમા નંબરે છે અને બીજા ગુજરાતી 'વિપ્રો'ના વડા શ્રી આઝિમ પ્રેમજી એકવીસમા નંબરે છે.

• ભારતના બીજા પ્રાંતોની સરખામણીમાં ગુજરાતમાં ઔદ્યોગિક ઝઘડા સૌથી ઓછા, 0.૫૨ ટકા, થાય છે.

•ભારતના ઔદ્યોગિક ઉત્પાદનનું ૧૬ ટકા ગુજરાતમાં થાય છે.

•.ગુજરાતની વસતી ભારતની ૫ ટકા છે પણ તેઓ ભારતની ૩0 ટકા સ્ટોક માર્કેટના માલિક છે. દર પાંચમાંથી એક ગુજરાતીએ સ્ટોક માર્કેટમાં પૈસા રોકેલા છે.

• ગુજરાતીની વાર્ષિક સરેરાશ આવકમાં દર વર્ષે બાર ટકાનો વધારો થાય છે.

• ભારતના પરદેશી નિકાસના સોળ ટકા ગુજરાતમાંથી જાય છે.

• અમદાવાદની મેનેજમેન્ટની કોલેજ એશિયામાં પ્રથમ નંબરની ગણાય છે. તેમાં તૈયાર થયેલ ઘણા સ્નાતકોને અમેરિકાની કંપનીઓ વાર્ષિક ત્રણ લાખ ડોલરની ઓફર આપી ઝડપી લે છે.

•આઝાદી પછી ગુજરાતમાં નિરક્ષરતા ઘટી છે. આઝાદી સમયે ત્રીસ ટકાની સરખામણીમાં અત્યારે બાસઠ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે.

• ગુજરાતમાં અંધશ્રદ્ધા નાબુદ કરવા સતત ઝૂંબેશ ચાલી રહી છે. દંતાલીના શ્રી સ્વામી સચ્ચિદાનંદ તેમાં આગેવાન છે. ગયે વર્ષે દલિતોએ એક સમેલન ભરીને અંધશ્રદ્ધાને આધારિત લગભગ દોઢસો જેટલા રિતરિવાજો તેમના સમાજમાંથી હઠાવ્યા.

• ભારતની ફાર્માસ્યુટિક કંપનીઓમાંની ૪0 ટકા ગુજરાતમાં છે.

• ભારતનું ત્રીજા ભાગનું કપાસનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે.

• દુનિયાનું ૪0 ટકા આર્ટસિલ્ક ગુજરાતમાં બને છે જે માટે સાત લાખ કામદારોને રોજી મળે છે.

• અમદાવાદમાં આવેલી અરવિન્દ મીલ્સની 'ડેનિમ જિન્સ'ની ફેક્ટરી દુનિયામાં ત્રીજા નંબરે છે.

• સુરત ભારતનું સૌથી ધનાઢ્ય શહેર છે. ઘર દીઠ સરેરાશ વાર્ષિક આવક સાડાચાર લાખ રૂપીઆ છે. બીજા નંબરે બેન્ગલોર અને ત્રીજા નંબરે ચેનાઈ છે. અમદાવાદ પાંચમા નંબરે છે અને ત્યાર બાદ મુંબઈ ને દિલ્હિ છે.

• સમગ્ર વિશ્વમાં વેચાતા હીરાના લગભગ ૮0 ટકા સુરતના દશ હજાર હીરા ઘસવાના કારખાનામાં પોલીશ કરવામાં આવે છે. સિત્તેર હજાર કારીગરોને આનાથી રોજી મળે છે.

• સુરત પછી અમરેલી હવે હીરા ઘસવાનું કેન્દ્ર બની રહ્યું છે.

• સિંગાપોરમાં પીવાતું મોટા ભાગનું દૂધ ગુજરાતમાંથી આવે છે.

• અફ્ઘાનિસ્તાનમાં ખવાતા મોટા ભાગના ટમેટા ગુજરાતમાંથી આવે છે.

• કેનેડામાં ખવાતા અર્ધા ઉપરાંતના બટેટા ગુજરાતમાંથી આવે છે.

• ભારતમાં સૌથી વધુ રહેવાલાયક શહેર હૈદરાબાદ પછી બીજા નંબરે ગુજરાતનું રાજકોટ બની રહ્યું છે.

• 'ગરીબોની ગાડી' તરીકે જેની રાહ જોવાઇ રહી છે તે શ્રી રતન તાતાની 'નાનો કાર' હવે ગુજરાતમાં બનાવવામાં આવશે.

• અમદાવાદમાં સાબરમતીને કાંઠે બંધાઈ રહેલું ગુજરાતનું 'ઈન્ડસ્ટ્રિયલ સિટી' જ્યારે તૈયાર થશે ત્યારે દુબઈ કે હોંગ કોંગને પાછળ રાખી દેશે.

• ગુજરાતનું સરકારી અને ખાનગી તંત્ર એટલી ઝડપથી સુધરી રહ્યું છે કે હવે ફક્ત ભારતના ઉદ્યોગપતિઓ જ નહિ પણ પરદેશની મલ્ટિ નેશનલ કંપનીઓના સૂત્રધારો પણ ગુજરાતમાં રોકાણ કરવા તલપાપડ બની રહ્યા છે.

• ખુરસી મળી એટલે ખાવાનો ધંધો શરૂ એવી બેઆબરૂ ધરાવતા ભારતીય રાજકિય નેતાઓમાં 'ખાતો નથી ને ખાવા દેતો નથી' એવું બિરૂદ પામનાર શ્રી નરેન્દ્ર મોદી પહેલા અને એકલા છે.

• શ્રી નરેન્દ્ર મોદીની સતત ટિકા કરનાર પણ હવે માને છે કે ભારત પાસે જો મોદી જેવા બીજા પાંચ રાજકિય નેતા હોય તો દેશ દુનિયાનો સર્વોપરી બને.

• રિક્ષાવાળાથી માંડી ઉદ્યોગપતિઓમાંના ઘણા તો શ્રી નરેન્દ્ર મોદીને ઈશ્વરની જેમ પૂજે છે.

⌘ ⌘ ⌘ ⌘

**સરસ્વતીચંદ્ર** (અનુસંધાન પાના ૬થી ચાલુ)

આ નવલકથામાં શ્રી ગોવર્ધનરામે ઠેકઠેકાણે કાવ્યો, ગરબા, ઊર્મિકાવ્યો, ગઝલ, સંસ્કૃતમાં શ્લોકો, વગેરે પણ લખ્યા છે. :

સુન્દરગિરિના શૃંગ ચુંબતાં જલ ધરગણને,
પવિત્ર સાધુવૃન્દ જગવતાં ત્યાં જ અલખને.
મૃગજળ સરવર તીર પડયો છે રમણિય રસ્તો,
જગ ત્યજી જનારા તણો પંથ સંતોને સસ્તો.
તુજ ઈન્દ્રપુરીની ભભકભરી નથી માયા ત્યાં તો,
નથી ચંદ્રવિકાસી કમળ(કુમુદ) સૂક્ષ્મસુગંધિ ત્યાં તો.
તુજ વૃદ્ધ પૂર્વજો ચિરંજીવ વસતા ત્યાં તો,
હજી સુધી શ્રુતિને પ્રત્યક્ષ કરે સહુ અવનવી ત્યાં તો.
ત્યજી ઈન્દ્રપુરી, ત્યજી કમળ, ત્યજી વમળ સંસૃતિ કેરા
લીધ ભગવો રંગ વિરક્ત ઉદાસીન ફરું છુ ફેરા.
મુજ હૃદયે વિશ્વે દેવ પ્રગટિયા, તે તું જાણે !
ગુરૂજન ઉદ્‌ગારો બોધ હોમતા ત્યાં આ ટાણે.
આ વહાણું વાય નવું આજ, મંદ ધીર પ્રકાશ લાગે,
ધીમી ધીમી ઊઘડે મુજ આંખ, સૂર્યમંડળ ઊંચું આવે.
આ ગિરિશૃંગ પ્રભાતહોમ થાતો તે કાળે,
નહિ મળે મિત્ર અધ્વર્યુ, યજ્ઞમાં વિઘ્ન ન જ આવે.

સમાજની આર્થિક-સામાજિક કફોડી સ્થિતિ માટે શ્રી ગોવર્ધનરામ લખે છે :

"ભારતમાં નિરક્ષરતા ઘણી વધારે છે તેનું મૂળ કારણ શોધીએ તો લાગે કે તેના પાયામાં વર્ણવ્યવસ્થા જ છે. ચાર વર્ણના લોકોની સંખ્યા સરખે ભાગે છે તેમ માનીએ તો વસ્તિનો ફક્ત ચોથો ભાગ વિદ્યા પ્રાપ્ત કરતો હતો. જે જ્ઞાન, વિદ્યા, નીતિનિયમોની જાણકારી થાય, શાસ્ત્રો ને પુરાણો રચાય, તેને સાંચવી રાખવા અને ભવિષ્યની પેઢીને વારસામાં આપવાની વ્યવસ્થાની પણ જરૂર હતી અને તે જાતની બુદ્ધિવાળા બ્રાહ્મણ કહેવાયા. વિદ્યા અને જ્ઞાન સાચવવાની જવાબદારી બ્રાહ્મણોને, એટલે કે જેનામાં એ જાતની આવડત હતી તેને, સોંપાયું. તે સમયે બ્રાહ્મણના દીકરાને નહિ પણ જેનામાં આ વિદ્યાનું કામ કરવાની આવડત હોય તેને બ્રાહ્મણ કહેવાતો પછી ભલે તે ક્ષત્રિય કે શુદ્રનો દીકરો હોય. જે કામ સમાજની જરૂરિયાત માટે, સમાજની ઉન્નતિ માટે સોંપાયું હતું તેને સમય જતાં બ્રાહ્મણો પોતાનો ઈજારો અને આજીવિકાનું સાધન બનાવી બેઠા. તે વારસાગત રહે અને તેમની પાસેથી કોઈ એ છીનવી ન જાય તે માટે તેમણે બાકીના ત્રણ ભાગના સમાજને તે વિદ્યાથી વંચિત રાખ્યો. લોકો બ્રાહ્મણોના શબ્દો પર જ વિશ્વાસ રાખવા લાગ્યા. અજ્ઞાની અને આંધળો બંને સરખા. અને આમ સમાજમાં અંધશ્રદ્ધાનો જન્મ થયો, તે પાંગરી અને તેણે સમાજને ભરડો લઈ તેને નબળો બનાવ્યો."

('સરસ્વતીચન્દ્ર' મેં ત્રણ વખત વાંચેલ છે. દર વખતના વાચનમાં પહેલાં કરતાં વધારે સમજાય અને વધારે રસપ્રદ લાગે. -પ્રવીણ વાઘાણી)

* * * * *

આપણી આ આર્થિક-સામાજિક વ્યવસ્થામાં રહેલી ક્ષતિને કારણે જ અંગ્રેજો ફાવી ગયા. મુઠ્ઠીભર અંગ્રેજો ભારતના પૂર્વ કિનારેથી દાખલ થયા અને જોતજોતામાં દેશના પશ્ચિમના સાગર કિનારા સુધી પોતાની સત્તા જમાવી તેમાં તેમની તાકાત નહિ પણ આપણી નબળાઈ કામ લાગી છે. તેઓ જીત્યા નહોતા, આપણે તેમને જીતાડી દીધા છે. તેઓ આપણા પર રાજ નહોતા કરતા પણ આપણે તેમની પાસે રાજ કરાવતા હતા, કારણકે તેમની રાજ્યવ્યવસ્થા ચલાવનારા આપણા જ માણસો હતા, આપણા પર તેમની સત્તાની પકડ રહે અને તે માટે આપણા પર જુલમ કરનારા સિપાહીઓ પણ ભારતીય જ હતા. જલિયાંનાવાલા બાગમાં ભારતીયો પર ગોળીઓ ચલાવનારા પણ ભારતીયો જ હતા ! તેમણે બધાએ સાથે મળીને ગોળીબાર કરવાની ના પાડી હોત તો જનરલ ડ્વાયર શું કરી લેત ? ગોળમેજી પરિષદમાં જ્યારે અંગ્રેજોએ ગાંધીજીને કહ્યું કે 'તમને રાજ ચલાવતાં નહિ આવડે' ત્યારે ગાંધીજીએ કંઈક એવા અર્થમાં જવાબ આપેલો કે, 'રાજ તો અમે ચલાવીએ જ છીએ, કારણ અત્યારે એ ચલાવનારા તો અમારા પોતાનાજ, ભારતીય, માણસો છે. ફક્ત તમે સરમુખત્યાર બનીને બેઠા છો અને એ સ્થાનેથી તમને હટી જવાનું કહીએ છીએ. જે અમારું જ છે તે, અમને જે રીતે આવડે તે રીતે, અમને સંભાળવા દો.'

⌘ ⌘ ⌘ ⌘ ⌘

## સરસ્વતીચંદ્ર શ્રી ગોવર્ધનરામ માધવરાવ ત્રિપાઠી (૧૮૫૫ થી ૧૯૦૭)

શ્રી ગોવર્ધનરામે આજથી એક સદી પહેલાં નવલકથા 'સરસ્તીચંદ્ર' લખેલી. આ નવલકથા લખતાં તેમને લગભગ અઢાર વર્ષ લાગેલા. ૧૮૮૭માં ભાગ ૧લો, ૧૮૯૨માં ભાગ ૨ જો અને ૧૮૯૮માં ભાગ ત્રીજો છપાયો.

ચોથા ભાગ સહિતની સંપૂર્ણ નવલકથાની પહેલી આવૃત્તિ ૧૯૦૧માં પ્રસિદ્ધ થયેલી. ત્યારથી અત્યાર સુધીમાં પંદર વખત તેનું પુનર્મુદ્રણ થયું છે. તેમની આ નવલકથાની સરખામણી કાદમ્બરી, શકુન્તલા, લા મિઝરેબલ, અરબી રાત્રીઓ, જેવા પ્રખ્યાત ગ્રંથો સાથે કરવામાં આવી છે. ગુજરાતી સાહિત્યના ઉદય સમયે જ તેમણે ઊચ્ચ કક્ષાનું સાહિત્ય મા ગુર્જરીને ચરણે ધર્યું છે. ઉમાશંકર જોશીના શબ્દોમાં, "સરસ્વતીચંદ્ર અર્વાચીન ગુજરાતનો ગૌરવગ્રન્થ છે. તે સાથે એ ગુજરાતના જીવનના એક તબક્કાને એની તમામ ભાવાનાત્મક અભીપ્સાઓ તેમજ વ્યવહારગત માર્યાદાઓ સાથે મૂર્તિમંત કરે છે."

તેમની આ નવલકથા માટે ગાંધીજીએ લખ્યું છે, "સરસ્વતીચંદ્રના પહેલા ભાગમાં શ્રી ગોવર્ધનરામે પોતાની શક્તિ ઠાલવી. નવલકથાનો રસ પહેલામાં ભરેલો છે. ચરિત્રચિત્રણ એના જેવું ક્યાંય નથી. બીજામાં હિન્દુ સંસાર સરસ ચિતરાયો છે. ત્રીજામાં એમની કથા ઊંડી ગઈ. અને ચોથામાં એમને થયું કે હવે મારે જગતને જેટલું આપવું છે તે આ પુસ્તક દ્વારા જ આપી દઉં !"

મનુભાઈ પંચોળી (દર્શક) લખે છે, "ભારતના મહોત્સવમાં ગુજરાત બે ચીજ અર્પી શકે છેઃ એક મહાત્મા ગાંધીજીની આત્મકથા અને બીજી ચીજ ગ્રન્થમણિ 'સરસ્વતીચન્દ્ર".

શ્રી ગોવર્ધનરામ જ્યોતિષી કે ભવિષ્યવેતા નહોતા પરંતુ તેમની આ નવલકથામાં ત્રિકાળજ્ઞાનીના દર્શન થાય છે. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીએ સો વર્ષ પહેલાં ભવિષ્ય ભાખેલું તે વાંચોઃ

"રાજ્ય(મિલકત) એક અને ભાયાતો-વારસદારો ઘણા. ભૂમિ વધશે નહિ પણ તેનાં ભાગલા પડશે અને ધીમે ધીમે ભાગના ટૂકડા નાના થતા જાશે. આ ભાઈઓના ઝઘડાનું પ્રથમ મૂળ. ભાઈઓને શસ્ત્ર વડે લડવાનું ગયું એટલે લેખણે લડશે, એ લડતાં જાતે નહિ ફાવે એટલે કાયસ્થો ને મુત્સદીઓ - વકીલો કમાશે અને આખરે અંગ્રેજો ન્યાયાધીશ થશે. તેની ખુશામત કરવી, તેને લાંચ આપવી ને તે ગાળો દે તે વેઠવાની ને લડાવે તે પ્રમાણે લડવાનું. આવી વૈશ્યકળાઓ અને વૈશ્યયુદ્ધમાં સર્વ ક્ષત્રિયો ખુવાર થશે અને ખુવાર કરશે અને પરાયાંનાં પેટ ભરી તેમનાં ગુલામ થશે."

"ક્ષત્રિય પુરુષો સ્ત્રીઓ જેવા થશે. 'હાય, હાય, પુત્ર કેમ ન થયો ?' તેની ચિંતા પેસશે. સ્ત્રીઓને સ્ત્રીઓ પેઠે કનડશે. સ્ત્રીઓમાં મગ્ન થઈ પોતે સ્ત્રીરૂપ થશે. અને ઘરમાં, ઘરની બાહર સ્ત્રીકળા આચરશે અને ઘરની સ્ત્રીઓ માટે પુરુષો બીજા, બાહરના માણસો કે તેમના નોકરો થાશે."

શ્રી ગોવર્ધનરામમાં આપણા શાસ્ત્રો અને પુરાણકથાઓમાં છુપાયેલા ગુઢ ભાવાર્થને સમજવાની તર્કબુદ્ધિ હતી તે તેમની નવલકથા 'સરસ્વતીચંદ્ર' વાંચવાથી અનુભવી શકાય. પૂર્ણ પુરુષોત્તમ શ્રી રામચંદ્રજીની કૌટુંબિક ભાવનાઓની સમજણ અને તેમની વ્યવહારકુશળતાના દર્શન તેમના વનવાસપ્રયાણ સમયે તેમના વર્તન અને લીધેલા નિર્ણયોમાં સ્પષ્ટપણે દેખાઈ આવે છે. આ પ્રસંગનો ઉલ્લેખ કરી શ્રી ગોવર્ધનરામ લખે છેઃ

"સ્વસ્થાને સર્વનો પ્રતાપ વધારે - દિવસે સૂર્યનો, શુક્લપક્ષની રાત્રે ચંદ્રનો અને કૃષ્ણપક્ષની રાત્રે તારાઓનો. દશરથનો અધિકાર એ કે તેના શબ્દ સાચવવા રામ વન ગયા. પણ દશરથ, કૌશલ્યા, લક્ષ્મણ ને સીતા ઃ તે સર્વએ ઈચ્છ્યું કે 'અમને તમારી સાથે વનમાં લઈ જાવ', ત્યારે સર્વ ધર્મ જાણનાર શ્રી રામચંદ્રજી - તેમણે કેવો વિવેક કર્યો તે જુઓ.

"દશરથ, પિતા, તેમણે પોતાની પાછળ આવવા માંડ્યું ઃ પિતાને આજ્ઞા કરી નિષેધ કરવાનો અધિકાર પુત્રનો નહિ તે ન વાપર્યો, પિતાની યોગ્ય આજ્ઞા જાણતાં પોતે વન જવા નીકળ્યા, પણ પોતાની પાછળ પિતા આવે તે પિતાના રાજધર્મના ભંગનું સાધક થાય, માટે એ વાતમાં પિતાની ઈચ્છાને અનુસર્યા નહીં, પણ રતોવાઈ ગુપ્તપણે પિતા નિદ્રાવશ હતા તે કાળે પોતે ચાલી નીકળ્યા. ગુરૂજનોની આજ્ઞા પાળવા ન પાળવાનો આ વિવેક. કૌશલ્યાજીને સાફ ના કહી કે તમારો ધર્મ પતિ પાસે રહેવાનો છે - આજ્ઞા કરી કૌશલ્યાને દશરથ પાસે રાખ્યાં - ધર્મકાર્યે પુત્ર માતાને આજ્ઞા કરી શકે. માતાની સ્ત્રીબુદ્ધિ થાય ત્યારે પુરુષબુદ્ધિવાળો પુત્ર ધર્મ સાચવવા માતાને આજ્ઞા કરે તેવા સમયો માટે જ શાસ્ત્ર વચન છે કે 'ન સ્ત્રી સ્વાતંત્ર્યર્હતિ'. લક્ષ્મણજી નાના ભાઈ અને ભક્ત હતા, ઉપનિષદમાં ઉમરલાયક નાનાભાઈને મિત્ર સમાન ગણવાની આજ્ઞા છે. તેમને ન આવવા મિત્રભાવે સમજાવ્યા. પણ તેમણે આગ્રહ કર્યો ત્યારે કહ્યું કે 'તમે નિર્ણય લેવા સ્વતંત્ર છો.' સીતાજીને ઘેર રહેવાનો લાભ બતાવ્યો ને વનવાસનાં દુઃખ બતાવ્યાં. પણ સ્ત્રીને બળ કરી, ક્રોધ કરી, ગમે તે રીતે પતિનાં દુઃખમાં ભાગ લેવા અધિકાર છે ને પતિનો ધર્મ છે કે તે અધિકારની વચ્ચે ન આવવું. વનમાં જવા સીતાજીએ ક્રોધ કરીને રામની રજા મેળવી છે. શ્રી રામચંદ્રજીએ નથી પૂછ્યું પિતા દશરથને કે નથી પૂછ્યું માતા કૌશલ્યાને, અને કોઈને પૂછ્યા વગર સીતાજીની આ ઈચ્છાને પોતે વશ થયા. આવી વાતોમાં સ્ત્રીનું સ્વાતંત્ર્ય અને સ્ત્રીનો અધિકાર બલિષ્ઠ છે અને તે અધિકારમાં ન્યૂનતા કરવા પોતાની ઈચ્છાથી કે પોતાનાં માતાપિતાની ઈચ્છાથી પણ પતિને અધિકાર મળતો નથી તેનું આ દૃષ્ટાંત. પતિનું દુઃખ તે પત્નીના દુઃખની પરાકાષ્ઠા છે અને તેમાંથી પતિને મુક્ત કરનારી ધર્મપત્નીનો અધિકાર અપ્રતિહત છે."

આંખ અને મગજ ખુલ્લા રાખી નિરક્ષણ કરતાં કરતાં તેનું વિશ્લેષણ કરવાની કળા શ્રી ગોવર્ધનરામમાં હતી. કોઈ મોટા ઘરનું આમંત્રણ આવે. અથવા કોઈ ફાઈવ સ્ટાર હોટેલમાં પ્રોગ્રામમાં ગયા હો તો તમે શું શું જુઓ ? શેની શેની નોંધ લો ? ત્યાંની જાહોજલાલી તમારા શરીરને, તમારી આભાને, તમારા વિચારોને વિંટળાઈ વળે ત્યારે તમે શું અનુભવો. ? તમને પણ શું ઘડીભર થાય છે કે 'આ બધું તમારૂં જ હોય તો !' એક સામાજિક પાર્ટીમાં અનેક પ્રકારના માણસો આવે. પાર્ટીમાં ખાણીપીણીની મોજ માણતાં માણતાં ઉપરાંત તે દરેક શું કરતા કે વિચારતા હોઈ શકે છે તેનું અદ્‌ભૂત અવલોકન શ્રી ગોવર્ધનભાઈએ લખ્યું છે.

"મહેલમાં પહેલે માળે દરબાર ભરાવાનો હતો. પિત્તળના કઠેરાવાળા પહોળા દાદર પર ઊંચી ભરતવાળી શેતરંજ જડી દીધી હતી. હેઠે જોડાનો ઢગલો કરી સૌ મંડળ ઉપર ચડ્યું અને દરબારના દિવાનખાનામાં ગયું. દોઢ બે હજાર માણસ માય એવડુ મોટું દિવાનખાનું હતું. ઊંચી ઊનનો ગાલીચો આખા દિવાનખાનામાં પાથરેલો હતો. સામી પાસ રાણાનું સોનારૂપાએ જડેલું ખુરસીના આકારનું સિંહાસન હતું. તેને હાથાને ઠેકાણે સિંહ હતા. તેના ઉપર સોનેરી ભરતવાળા રેશમનાં ગાદીતકિયો હતાં. સિંહાસનની નીચેથી તે લગભગ અર્ધા દિવાનખાનામાં ઊંચા સોનેરી ભરતવાળો ગાલીચો પાથરેલો હતો. વિવિધરંગી મોટી બારીઓમાંથી સૂર્યના પ્રકાશનો પ્રવાહ આવતો. તે તેમનાં પિત્તળની જાળીવાળાં ચકચકિત કમાડમાંથી પ્રફુલ્લિત થઈ આખા દિવાનખાનામાં તેજનો અંબાર ભરતો. બારીઓની સામી પાસ ભીતે એવા જ રંગ અને આકારની કૃત્રિમ બારીઓ રાખી હતી અથવા એવો જ આભાસ આપનાર મોટાં તાકાં, કબાટ, હતાં. ખોટીખરી બારીઓના ગાળાઓમાં સામસામી નિર્મળ કાચાવાળા તકતાઓ ટેબલ જેવી બેસણી પર મૂક્યા હતા અને તેમની આગળ રમકડાં, ચિનાઈ વાસણો અને એવા એવા પદાર્થો મૂકેલા હતા. ભીત પર પણ આસમાની રંગ હતો અને નાટકના પરદાની જેમ તે ચીતરી હતી. છત પર રાતો ચળકતો રંગ, બિલોરી ઝુંમરો, હાંડીઓ, કાચના ગોળા અને એવા અનેક શણગાર હતા. છતની રંગીન કિનારીની આસપાસ ભીત પર કિનખાબની ઝૂલ પર કરચલી પાડેલી હતી. નીચે, ઊંચે અને આસપાસ જોતાં દિવાનખાનું એક વિશાળ પલંગ જેવું લાગતું હતું. એ પલંગ પર પડતાં જ માનવીનું મન અંજાઈ જઈ મોહનિદ્રા પામતું, અને રાજવૈભવનું સ્વપ્ન જોઈ ઘડીભર પોતાની ખરી સ્થિતિ ભૂલી જતું અને અધિકારેષણા સાથે વધારે વધારે ગાઢ બાથ ભીડતું."

"કારભારીઓ અને અમલદારો આ દિવાનખાનામાં એકઠા થતાં અહીંતહીં ફરવા લાગ્યા. કોઈ બારીએ ઊભા રહ્યા, કોઈ આયનામાં જોવા લાગ્યા, કોઈ ઊંચી નજર કરવા લાગ્યા, કોઈ વાતોમાં ભળવા લાગ્યા, કોઈ દરબારની તૈયારીમાં ગૂંથાતાં આમતેમ ઉતાવળથી હેરાફેરા કરવા લાગ્યા, કોઈ ઉભા, કોઈ બેઠા, કોઈ વાટ જુએ છે, કોઈ વિચાર કરે છે, કોઈ જોઈ રહે છે, કોઈ કાન માંડે છે, કોઈ શૂન્ય મનવાળા બની આરામ ભોગવે છે, કોઈ નવાજૂની પૂછે છે, કોઈ ગપાટા મારે છે, કોઈ ખરા સમાચાર કહે છે, કોઈ અફવા ફેલાવે છે, કોઈ કોઈના કાનમાં આજનું ભવિષ્ય વર્તે છે, કોઈ બનનાર બનાવ પર પોતાના ભાગ્યનો આધાર વિચારે છે, કોઈ ઉત્સાહમાં છે, કોઈ ચિંતામાં છે, કોઈ નિરાશ છે, કોઈ પોતાની વૃત્તિ સંતાડે છે, કોઈ પારકાની વૃત્તિ જાણી લેવા પ્રયત્ન કરે છે, કોઈ શત્રુતા સંતાડી જીભ ઉપર મિત્રતાના ઉભરા આણે છે, કોઈક તે સમજે છે, કોઈક તેથી ભોળવાય છે, કોઈક સામા સાથે સામા જેવા બને છે, કોઈક સ્પષ્ટવક્તા થઈ હાસ્ય પામે છે, કોઈક વેરની આંટી વાળે છે. અનેક આદર્શો કાચના ગોળામાં, બિલોરમાં, ચળકતા પિત્તળમાં અને એમજ અનેક સાંભળનાર, જોનાર અને વિચારનારના કાનમાં, કીકીમાં, મનમાં અને બોલમાં સર્વનાં પ્રતિબિંબ ઓછાવત્તાં, નાનાંમોટાં, ઝાંખાં અથવા સ્પષ્ટ, જુદે જુદે રૂપરંગે અને જુદી જુદી સ્થિરતાથી પડે છે."

(અનુસંધાન પાના ૫ પર)



## વ્યક્તિત્ત્વ

**-પ્રવીણ પટેલ 'શશી', અમેરિકા**

નામ-ઠામ-ઠેકાણું, નાત-જાત-કુટુંબ, ઘર-ગોત્ર-ખાનદાન, બૈરી-છૈયાં-વસ્તાર, અને આવું બીજું બધું, એ તો થઈ જાણપહેચાન. પરંતુ, આ જ છે આપણી સહી ઓળખાણ ?

હું અમારા મકાનોનાં સંકૂલમાં ફરવા નીકળું છું ત્યારે ઘણાંબધાં મળે છે. કોઈની સાથે વાત કરવા મન થાય, તો ના ગમતાં સામે જ ના આવે એવી ઈચ્છા પણ પ્રગટે છે, કેમ આમ ?

કંપનીમાં કન્ટ્રોલર તરીકે મારે ઈન્ટરવ્યૂ લેવા પડતા. બોલે તે અરજીમાં ક્યારેક જણાવ્યું ના હોય, અને જરૂર હોય તે મોટે ભાગે મળે પણ નહી ! મોંમાં મગ અને ગાજ્યા મેઘ, છતાં ગલ તો કાઢવાનો જ હતો. મને શેની તલાશ હતી ?

બહાર જે દેખાય, તે થઈ વ્યક્તિ. એનાં દિલ-દિમાગનો ક્યાસ તે એનું વ્યક્તિત્ત્વ. ઉજળું એટલું સોનું નહી, પણ તપાવો તો કેટલા ટચનું છે, તે ખબર પડે. દૂધમાંથી પાણી કાઢવા જેવું વ્યક્તિ અને વ્યક્તિત્ત્વને પરખવાનું કામ છે.

એક બાપને રૂપાળી દીકરી હતી. એને કહેવામાં આવ્યું હતું કે મૂરતિયો જોવા આવે ત્યારે કંઈ બોલવું નહી. પેલાને એ પસંદ પડી, અને થોડાં એનાં વખાણ કર્યાં. ખુશી થયેલાં સોનબાઈ બોલ્યાં, 'મુને બોયાં-ચાયાંની મના હે.' બોલી-ભાષા થકી માણસ પરખાય. બાર ગામે બોલી બદલાય. ક્યાંનો ? તે પૂછવા જવું ના પડે !

પ્રાણજીવન જોશીને હાથે હું છઠ્ઠા ધોરણમાં ભણેલો. એમની ચોટલી, એ બ્રાહ્મણ હતા એની સાક્ષી પૂરતી. સંઘવી, સ્કૂલનાં હેડમાસ્તર હતા. ચીપીચીપીને બોલે અને ઈસ્ત્રીટાઈટ કપડાંમાં આવે. એમનાં જેવું બીજું કોઈ નહી, ચીવટ બાબતે પૂરેપૂરા સજાગ, કોઈને પણ લાગે કે એ સ્કૂલનાં મુખ્ય વડા છે. ફાટેલાં લઘરવઘર કપડાં, એ ગરીબાઈની નિશાની. કાંડે 'રાડો', એ પૈસાવાળો જ હોય. વેશપહેરવેશ માણસની પ્રતિભાનો એક ભાગ છે.

એક વખત નરસંડા જવાનું થયેલું. સોનું, ચાંદી, ઘરેણાં, ભાવતાલ આદિ મણીભાઈ સાથેની વાતચીતમાં સવિશેષ આવતાં રહ્યાં. એ સોની હતા. બેકર્સફિલ્ડમાં લગ્ન હતું, અમે ત્યાં ગયેલાં. બધાંએ મને એટલાં બધાં સલાહ-સૂચનો આપ્યાં કે વગર દવાએ હું સાજોનરવો થઈ ગયો. મુખ્ય મહોદય કેન્સર સ્પેશ્યાલીસ્ટ, પત્ની રજીસ્ટર્ડ નર્સ, દીકરો ફાર્મસિસ્ટ અને દીકરી ગાયનોકોલોજિસ્ટ. પેશો, ધંધો, સ્પેશ્યાલિટી આદિ વ્યક્તિત્ત્વનાં અંશઘટકો છે.

ફકિર-ઓલિયાને જોયો છે ? બાબા રામદેવના યોગાકર્મનો પરિચય છે ને ? નર્તક ગોપીકૃષ્ણે સતત નાચી રેકોર્ડબ્રેક કરેલો, ત્યારે હું ત્યાં હાજર હતો. આશા ભોંસલેનો કોકિલકંઠ તાજેતરમાં રૂબરૂમાં માણ્યો. મારા સબંધી મનુભાઈ ઉનાળાના છએક માસ બહાર ખેતીકામમાં એટલા વ્યસ્ત રહે કે ઘરમાં પણ ન આવે ! તાન, નશો, મસ્તી ખુદ્દારી કે ગાંડપણ, આ છે આપણો એટિટ્યુડ. વલણ અને વેલણમાં ઝાઝો ફરક નથી. ગોળ મજાનાં પાતળાં ફૂલકા ખાવા મળે તો ઘરમાં ઘરરખુ સ્ત્રી છે એમ માનવું. મનમોહનનું વલણ ચસકાભસકાનું, ન્યુજર્સીનાં બધા જ રેસ્ટોરન્ટવાળા એમને ઓળખે !

કામિયા વાસવાનીનાં ઘરમાં જેમનુંતેમનું જોવા મળે, બારેમાસ ! દર વખતનો એમનો જવાબ હોય, વખત જ નથી મળતો ! મીયાં અબ્દુલ ધની, સોનાનું છાપરું થાય પછી જ ઉઠે. મારા મિત્ર નયન મીશ્રાને સવારે ટોયલટે ભાળવા ચારેક સિગરેટ ફૂંકવી પડે છે. જ્યોત્સના અમીન છે ચોખ્ખાઈનાં આગ્રહી. સવાર-સાંજ કાર્પેટમાં હુવર કરે, કાર્પેટનાં તો હવે ધાગા પણ નીકળી ગયાં છે ! આદતથી મજબૂર, શું કહીશું આને ?

મોટું પેટ, કાળા નખ, પીળા દાંત, ધોળી જીભ, મોંમાં વાસ, સ્વપ્નદોષ, ચામડીમાં ચીરા, માથામાં ખોડો, આંખ ફરતે કુંડાળાં, આ બધું શું છે ? એમ કહેવાય છે કે નાડી કદી જૂઠ્ઠુ નથી બોલતી. શરીર સ્વયં એક દર્પણ છે. સ્વચ્છતા ને સુઘડતા તો પ્રભુને પણ પ્યારા છે. નીતિ, નિયમ, વિનય, સત્ય, અહિંસા, આદર, શિષ્ટતા, સુઘડતા, સુઆચરણ, આ બધાં 'પોઝિટિવ એનર્જી ફોર્સિસ' છે. મદ, મોહ, માયા, મમત, મત્સ્ય, કામ, ક્રોધ, લોભ, લાલચ, આળસ વગેરે 'નેગેટિવ ફોર્સિસ' છે. દોષોનો સ્વીકાર તો શાસ્ત્રોમાં પણ નથી. પરસનલી પરસનલ, જેવું ખરેખર તો કશું જ નથી. આપણી પ્રકૃતિ વાસ્તવમાં એવી નથી. આપણાં જ સ્વભાવની એ પ્રતિકૃતિ છે.

રસ, રૂચિ, હેત, પ્રીત, ધગશ, લગાવ, ચાહત, આદર્શ, હીરાનાં પાસા જેવાં છે. આની કદર થકી છાતી ગજગજ ફૂલે. ગાંધી, ટાગોર, શીવાજી, લ્યુથર, દ્વાઈન, ટોલ્સટોય અને આવાં બીજાંને આપણે ભૂલ્યા નથી, કેમ ? રાવણ, લાદન, હિટલર, મુસોલિની આદિને આપણે ધિક્કારીયે છીયે, કેમ ? કર્મ, આપણું હરતુંફરતું વ્યક્તિત્ત્વ છે.

નાડુ પકડ્યું તે ના છોડવું, પડ્યા તોય તંગડી ઉંચી, ગમે તે થાય હું તો બસ ગાવાનો જ, દોરડી બળે પણ વળ ન છોડે, ચમડી તૂટે પણ દમડી ન છૂટે, અધૂરો ઘડો છલકાય ઘણો, ત્રેવડ ત્રીજો ભાઈ, કાંકરે કાંકરે પાળ બંધાય, ગરજ સરી એટલે વૈદ વેરી, ગરજને અક્કલ નહી, નમે તે ગમે, નવરો નખોદ વાળે, નાચવું નહિ ત્યારે આંગણું વાંકું, ધીરજનાં ફળ મીઠાં, આ બધી કહેવતો આપણાં વ્યક્તિત્ત્વનાં જ તારણો છે.

દલાઈ લામા કેટલાક પ્રશ્નો પૂછે છેઃ (૧) ભૂંડ, ઘેટું, વાઘ, ઘોડો, ગાય, આને કયા ક્રમમાં ગોઠવશો ? (૨) કૂતરો, બિલ્લી, ઉંદર, કોફી, સમુદ્ર, આ શું સૂચવે છે ? (૩) લાલ, લીલો, પીળો, સફેદ, નારંગી, તમે જેને જાણતા હોય કે તમારાથી એ પરિચિત હોય, કયા રંગ સાથે આ સરખાવશો ?

રેતી છે, ચાલવાનું છે, છાપ છોડી જવી છે ? જેવો જવાબ એવું છે તમારૂં વ્યક્તિત્ત્વ. અત્રે ખુલાસા છે, પણ જવાબો નથી. (૧) ગાય - વાહક, વાઘ - ઘમંડ, ઘેટું -પ્રેમ, ઘોડો - કુટુંબ, ભૂંડ - પૈસો. યાદ રહે, જેવો ક્રમ એવું તમારૂં એ બાબત પ્રત્યેનું પ્રાધાન્ય છે. (૨) કૂતરો - તમે ખુદ, બિલ્લી - તમારાં પત્ની, ઉંદર -તમારાં શત્રુ, કોફી - સંભોગ સહચર્ય, સમુદ્ર -તમારી જિંદગી. (૩) પીળું - એવું કોઈ જેને તમે ભૂલી ના શકો. નારંગી- એવું કોઈ જે તમારો સહી મિત્ર છે. લાલ - ખરેખર તમે જેને પ્રેમ કરો છો તે. સફેદ - તમારો ખુદનો આત્મા. લીલું -એવું કોઈ જે બાકીની જિંદગીમાં વિસ્મૃત થવાનું નથી.

બીજાંને તો બાહ્યતાની ખબર પડે. સ્વપરિક્ષણ કરો તો જ ખુદની જાણ થાય. તન અને મનનો સહી સમન્વય, એ છે ખરી પ્રતિભા. આ માટે એક્સરેઝ કે એમ.આર.આઈની જરૂર જ ક્યાં છે ?

દેવ કે દાનવ ? મૂકો આને બાજુ પર,<br>
મનુષ્ય છો, માનવ બનો, આ જ તો છે ખરેખરનું સહી વ્યક્તિત્ત્વ.

⌘ ⌘ ⌘

## એવું તે કાંઈ થતું હશે ?

**અનુસંધાન પહેલા પાનાથી ચાલુ**

હવે તો થાળે પડી ગયું છે બધું, આ ઘટનાઓ ઈતિહાસ બની ગઈ છે અને આપણી કહેવત પ્રમાણે 'ઘીના ઠામમાં ઘી ઠલવાઈ ગયું છે' અને 'ડે એન્ડ નાઈટ ક્રિકેટ' લોકપ્રિય બની ગઈ છે. લોકોને સમજાયું કે પ્રકાશ એટલો બધો તેમના ઘર સુધી નથી પહોંચતો, તેમના આરામમાં ખાસ ખલેલ નથી પહોંચતી, કૂતરા નથી ભસતા. ક્રિકેટરોને પણ એકબે અપવાદ સિવાય દડો જોવામાં કે રમવામાં તકલીફ નથી પડતી. રમતપ્રેમીઓના ક્રિકેટ જોવાના આનંદમાં અને ક્રિકેટરોની આવકમાં વધારો થયો છે.

૧૯૩૩માં તૈયાર કરવામાં આવેલી 'નર્મદા યોજના'નો દરેક તબક્કે, અલગ અલગ રીતે વિરોધ કરી, તેમાં અવરોધો નાખનારાઓએ સાત દાયકા સુધી ગુજરાતને તરસે માર્યું. તેમને શું ફાયદો થયો ? નરેન્દ્ર મોદીએ બધા પરિબળોનો સામનો કરી એ યોજના પૂરી કરી ગુજરાતને ગામેગામ નર્મદાનું પાણી પહોંચાડયું અને આજે ઘણા લોકો તેને ઈશ્વરનો અવતાર માને છે.

પોતાને સમાજના સંરક્ષક ગણાવી જેઓ ડગલે ને પગલે આ બધા ફેરફારોનો વિરોધ કરતા હતા, તેમાં અંતરાયો ઊભા કરતા હતા, તેઓ પણ કદાચ વિચાર કરતા હશે કે આ બધી મથામણથી શું ફાયદો થયો ? તેમણે જે કાંઈ કર્યું તે વ્યાજબી હતું ? જરૂરી હતું ? કે પછી તેમ કરી તેઓ સમાજની પ્રગતિને રોકી રહ્યા હતા ?

વ્યક્તિ, કુટુંબ, સમાજ કે દેશની પ્રગતિ ચાલુ ચીલાથી ચાતરીને નવી કેડીઓ બનાવી, નવા વિચારો, નવા કાર્યો, નવી યોજનાઓથી જ થાય છે. દિલમાં જરાપણ સંવેદના હોય, પ્રેમની લાગણી હોય, સમજશક્તિ હોય તો પ્રગતિશીલ વિચારધારાનો વિરોધ કદી ન કરવો જોઈએ બલ્કે તેમાં યથાશક્તિ સાથ આપવો જોઈએ.

એક ગુજરાતી, મહાત્મા ગાંધીએ ભારતદેશને આઝાદી મેળવવા માટે અહિંસાને માર્ગે ચલાવ્યો. આજે બીજો ગુજરાતી પોતાની કાર્યદક્ષતાથી ગુજરાતને સમૃદ્ધ બનાવી દેશને સમૃદ્ધિનો માર્ગ બતાવી રહ્યા છે. સમૃદ્ધિ હશે તો જ રામરાજ્ય, સુરાજ્ય આવશે અને દેશ મહાન બનશે.

હવે તમે મને એમ ન કહેશો કે 'એવું તે કાંઈ થતું હશે ?'

⌘ ⌘ ⌘

## આપણાં શાકભાજી
### કારેલાં

(દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે. 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી)

કારેલાં કડવાં હોવાથી ઘણા લોકોને તે નથી ભાવતા. આપણને નાનપણથી જ મીઠું મીઠું ખાવાની ટેવ પડે છે. પણ ખાવાના છ સ્વાદ છે - કડવું, ખારું, ખાટું, તીખું, તુરું ને મીઠું. જેમ જીવનમાં દરેક પ્રકારના રસની જરૂર હોય છે તેમ આહારમાં પણ દરેક પ્રકારના સ્વાદને પ્રમાણસર સ્થાન આપવું જોઈએ. શરીરના સ્વાસ્થ્ય માટે તે બહુ જ જરૂરનું છે. સ્વાસ્થ્ય ન જળવાય અને માંદા પડીએ ત્યારે દવા લેવી પડે જે મોટે ભાગે કડવી જ હોય છે. એનો અર્થ એ કે સ્વાસ્થ્ય માટે આહારમાં કડવું લેવું તે જરૂરી છે. એટલે જો પહેલેથી જ કારેલા, મેથીભાજી, વગેરે કડવા શાકભાજીને આહારમાં સ્થાન આપવામાં આવે તો દવા લેવાની જરૂર જ ઊભી ન થાય.

પણ ઝેર અને ઝેરીલા ફળો પણ કડવાં જ હોય છે. એટલે એ બધામાંથી કડવા કારેલાંને તથા મેથીને અલગ તારવીને તે આહારને લાયક છે તે નક્કી કરવું આદિમાનવ માટે સહેલું તો નહિ જ હોય ! કારેલા ગરમ પ્રદેશમાં થતું ફળ અથવા શાક છે પણ તે પ્રદેશમાં ચોમાસા ને શિયાળામાં તેનો ફાલ વધારે થાય છે. તે એટલા બધા દેશોમાં ઊગાડવામાં આવે છે કે તેનું મૂળ ક્યાં છે તે નક્કી કરવું હવે મુશ્કેલ છે. કારેલા એસિયાના બધા દેશો, આફ્રિકા અને કેરેબીઅન દેશોમાં ઊગાડવામાં આવે છે. કારેલાને અંગ્રેજીમાં બીટર મેલન કે બીટર ગૌર્ડ કહેવામાં આવે છે. બીટર ગૌર્ડ નામ ખાસ કરી ચીનમાં વપરાય છે. પણ હવે તેની પ્રખ્યાતિને કારણે પશ્ચિમના દેશોમાં પણ 'કારેલા' તરીકે ઓળખી શકાય છે. અલબત્ત દરેક દેશમાં તેની ભાષાને અનુરૂપ તેની ઓળખાણ છે એટલે એ રીતે કારેલાના એક સો ઉપરાંત નામ છે. ભારતમાં પણ દરેક ભાષાકિય પ્રાંતમાં તે અલગઅલગ નામથી ઓળખાય છે.

કારેલાં કડવાં, રૂચિકર, હલકાં, અગ્નિદીપક અને આરોગ્યપ્રદ છે. કારેલાં નબળી બનેલી પેન્ક્રિયાઝને તંદુરસ્ત બનાવે છે અને તેના ઈન્સ્યુલિન ઉત્પાદનમાં વધારો કરે છે જેની મદદથી લોહીમાંની સાકરનું પાચન થઈ તેનું શક્તિમાં રૂપાંતર થાય છે. કારેલાં મધુપ્રમેહ-ડાયાબેટીસ માટે અક્સીર દવા છે તે આયુર્વેદમાં હજારો વર્ષ પહેલાં લખાયેલું છે અને હવે બીજા બધા દેશોમાં પણ તેની પૂરેપૂરી જાણકારી થઈ ગઈ છે. મોટા ભાગની મધુપ્રમેહના ઈલાજ માટેની દવાઓ કારેલાંના રસમાંથી બનાવવામાં આવે છે. એટલે સ્વાભાવિક છે કે જો કારેલાંને આહારમાં નિયમિત સ્થાન આપવામાં આવે તો આવા રોગોનો પ્રતિકાર કરવાની ક્ષમતા શરીરમાં જ તૈયાર થઈ જાય અને બહારની દવા લેવાની નોબત જ ન વાગે ! આયુર્વેદમાં તો મધુપ્રમેહના નિવારણ માટે કારેલાંનો બે ચમચી રસ મધ સાથે દરરોજ સવારે પીવાની હિમાયત કરી છે. ખોરાકમાં નિયમિત કારેલાં લેવામાં આવે તો તે કોલેસ્ટરોલને બનતું અટકાવી શકે છે એટલે હૃદયની બિમારીવાળા લોકો માટે પણ તે ફાયદાકારક છે.

ખાસ કરી ચોમાસામાં તે આહારમાં લેવાથી ઋતુજનિત રોગોથી વગર ઔષધિએ રક્ષા મળે છે. કારેલાંના આવા બધા ગુણોને કારણે આયુર્વેદમાં તેને ઓષધિઓનો રાજા કહેવામાં આવે છે. કારેલાં જંતુનાશક, પૌષ્ટિક અને રક્તસુધારક છે. તેમાં પ્રજીવકો એ અને બી સારા પ્રમાણમાં છે. તેમાં રહેલા ફોસ્ફરસ અને લોહ ક્ષારો સહેલાઈથી પચી જાય છે અને લોહીને તંદુરસ્ત બનાવે છે. કારેલાં કબજિયાત નિવારક છે, પેટમાંના જંતુઓ અને કૃમિઓનો નાશ કરે છે અને મૂત્રની શુદ્ધિ કરે છે.

ગુજરાત, તામીલનાડુ, કેરાલા અને પંજાબમાં કારેલાં ખૂબ જ પ્રિય છે. કડવા હોવાને કારણે બીજા શાક સાથે તે સહેલાઈથી ભેળવી શકાતા નથી પણ બટેટા તેની સાથે સરસ રીતે ભળી જાય છે. બાફેલા કરતાં તેલમાં સાંતળેલા કારેલાં ઓછા કડવા લાગે છે. ભરેલા કારેલાંનું શાક સૌથી વધારે લોકપ્રિય છે. જો કે એશિઆના બધા દેશોમાં તે ઊગતું હોવાથી દરેક દેશમાં કારેલાંનું શાક બનાવવાની અલગ અલગ અનેક રીત હોય છે.

દક્ષિણ ભારતમાં તેમાં મસાલાવાળું નાળિયેરનું ખમણ ભરીને તેનું શાક બનાવવામાં આવે છે.

ચીનમાં 'સ્ટર ફ્રાય'માં તે આદુ મરચાંની જેમ મસાલા તરીકે વાપરવામાં આવે છે.

વિએટનામમાં ભરેલા કારેલાં તળીને પછી સુપમાં ઉકાળવામાં આવે છે.

ફિલીપાઈન્સમાં કારેલાં સાથે રીંગણા, ભીંડા, ટમેટા, ફણસી વગેરે શાકો ભેળવીને કારેલાં-ટમેટાંની કઢી બનાવવામાં આવે છે. અહીં કારેલાંના છોડનાં પાન પણ લીલા સેલાડ તરીકે ખાવામાં આવે છે.

મલયસીઆમાં કારેલાંના ગોળ પતીકા ડુંગળી અને તાજા તીખા લાલ મરચાં સાથે સાંતળીને શાક બનાવવામાં આવે છે.

કારેલાંને સુધારી તેના પર મીઠું ચડાવીને થોડીવાર રાખી તેને નીચોવી નાખવાથી તેની કડવાશ ઓછી થાય છે અને શાક સ્વાદિષ્ટ બને છે. પણ તેમ કરવાથી નીચોવાયેલા રસમાં ઉપયોગી તત્ત્વોનો થોડો ભાગ ગુમાવવાની શક્યતા છે.

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં કારેલાં વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.

દુનિયાનો સૌથી મોટો અને ફાયદાકારક ધંધો લોકોના સ્વાદના શોખને સંતોષવાનો છે.



## मेघदूतम् (संपादकः डो.गौतम पटेल)

पत्रश्यामा दिनकरहयस्पर्धिनो यत्र वाहाः
शैलोदग्रास्त्वमिव करिणो वृष्टिमन्तः प्रभेदात् ।
योधाग्रण्यः प्रतिदशमुखं संयुगे तस्थिवांसः
प्रत्यादिष्टाभरणरुचयश्चन्द्रहासव्रणाङ्कैः ॥६७॥
हस्ते लीलाकमलमलके बालकुन्दानुविद्धं
नीता लोध्रप्रसवरजसा पाण्डुतामानने श्रीः ।
चूडापाशेनवकुरबकं चारु कर्णे शिरीषं
सीमन्ते च त्वदुपगमजं यत्र नीपं वधूनाम् ॥६८॥

## મેઘદૂતમ્ (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

જ્યાં સ્પર્ધતા મિહિરહયને પર્ણશા શ્યામ અશ્વો
ને હાથીઓ તુજ સમ મદે વર્ષતા શૈલઊંચા,
યોધાધ્યક્ષો દશમુખતણા યુદ્ધમાં સામનાથી
પાછી પાડે ચમક અસિના ઘાવથી ભૂષણોની. (૬૭)
હસ્તે લીલાકમલ, લટમાં કુંદ ગૂંથેલ નાનું,
થાતી ફીકી વદનસુષમા લોધ્ર કેરા પરાગે,
અંબોડામાં નવકુરબકો, કાનમાં જ્યાં શિરીષ,
સેંથે, જન્મ્યું તુજ ગમનથી નીપ, ધારે વધૂઓ. (૬૮)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

## Meghadootam of Kalidas (Editor: Dr.Gautam Patel)

There are horses dark green like leaves who can vie with the steeds of the Sun; elephants appearing lofty like mountains whose ichor is showered like your rain; best of warriorswho withstood Ravana and paled the brilliance of their ornaments by the marks of the wounds made by his sword. (67)

Here newly-weds decorate their hands with a sporting lotus (of Sharada); their hair wreathed with bala-Kunda flower (of Hemanta); their faces rendered pale with pollen of Lodhra flowers(of Shishira); their braids are bound with newly grown Kurabaka flower(of Vasanta); their ears are ornamented with beautiful Shirisha flower (of Grishma); their parted hair is decorated with Kadamba flower which grows on your arrival (i.e.Varsha). (68)

(To be continued: Two verses will be published in every issue.)